હમ્દ ૭૮૬ / ૯૨ નાઅત

મંઝીલેં ઈરફાંકી સબ આસાન હે
તય અગર રાહે શરીઅત હો ગઈ

# રાહે તરીકત


સંપાદક

પીર સૈયદ હાજી દાદામિયાં એસ. કાદરી
મુ. રૂપાલ, તા. બાવલા,
જી. અહમદાબાદ.



પ્રકાશક

બઝમે કાદરીયાહ
સીંધીવાડ, કસ્બા, મુ. કડી,
જી. મહેસાણા (ઉ.ગુ.)

# રાહે તરીકત

સંપાદક

**પીર સૈયદ હાજી દાદામિયાં એસ. કાદરી**
મુ. રૂપાલ, તા. બાવલા, જી. અહમદાબાદ


પ્રત ૧૦૦૦
માહે જાન્યુ. ૨૦૦૨
ઝીલકદ હી. ૧૪૨૨
પ્રકાશન નં. ૨
**હદીયા દુઆ**

પ્રકાશક

**બઝમે કાદરીયાહ**
સીંધીવાડ, કસ્બા, કડી, જી. મહેસાણા. (ઉ.ગુ.)

ટાઈપ સેટીંગ : **એશીયન ગ્રાફીક્સ**
ખાસ બજાર, નિશાત હોટલ સામે, સિલેકટેડ હાઉસ, એહમદઆબાદ-૩૮૦ ૦૦૧.

પ્રિન્ટેડ બાય : **ખતીબ કિતાબ ઘર એન્ડ પ્રિન્ટર્સ**
ખાસ બજાર, તીન દરવાજા, એહમદઆબાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૫૩૫ ૨૪ ૬૮

# રાહે તરીકત

નહમદુહુ વનો સલ્લી અલા રસૂલે હીલ કરીમ

## પીરની જરૂરત

પીર (શૈખ) ની જરૂરત કુરઆને પાક અને અન્ય માન્યવર કિતાબોથી સાબીત છે જેમાં શંકા ને સ્થાન નથી.

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ઈરશાદ ફરમાવે છે કે, **"યા અય્યોહલ લઝીના આ મુનુત્ત કુલ્લાહ વબતગુ એલયહીલ વસીલતા"** અર્થાત : હે ઈમાન વાળાઓ ! અલ્લાહથી ડરો અને તેના માર્ગમાં વસીલો શોધો બીજી જગ્યાએ અલ્લાહ તઆલાનો હુકમ છે. **"યા અય્યુહલ્લઝીના આમનુત કુલ્લાહ વ કુનુમઅસ્સાદેકીન"** અર્થાત : હે ઈમાન વાળાઓ ! અલ્લાહથી ડરો અને સાચાઓની સંગત (સોહબત) માં રહો. ત્રીજી જગ્યાએ અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે **"યવમનદઉ કુલ્લા ઉનાસીમ બેઈમામેહીમ"** અર્થાત : અમો તેઓને તેમના સરદાર (ઈમામ-પીર-શેખ) ની સાથે બોલાવીશું.

આ ઈલાહી ફરમાનોથી સ્પષ્ટ માલુમ થાય છે કે ખુદ અલ્લાહ તઆલા બંદાઓને હુકમ આપી રહ્યો છે કે તુ વસીલો તલાશ કર, સાચાની સોહબતમાં રેહ અને અમે તને તારા ઈમામ (પીર ની સાથે બોલાવીશું) એટલે પીરની તલાશ, પીરનો વસીલો, પીરની સોહબત માણસ માટે અલ્લાહનો કુર્બ હાસિલ કરવાનો ઉત્તમ ઝરીયો છે.

હઝરત મૌલાના જલાલુદ્દીન રૂમી (રહમતુલ્લાહ અલયહ) ફરમાવે છે.

"પીર રા બુઝગી કે બ પીર ઈ સફર
હસ્ત બસ પુર આફત વ ખૌફ ખતર"

અર્થાત : પોતાના પીરે-મુરશીદની તલાશ કરીલે કારણ કે પીર વિના આ દીની-દુનિયવી સફર આફત અને ખતરાઓથી ભરપુર છે.

બીજી જગ્યાએ મૌલાના રૂમી (રહેમતુલ્લાહ અલયહ) ફરમાવે છે કે,

"ચંદ સાઅત સોહબતે બા અવલીયા
બેહતર અઝ સદ સાલા તાઅતે બેરિયાં"

અર્થાત : અવલિયાઓની સોહબતમાં થોડોક સમય રેહવું તે સો વર્ષ ની નીસ્વાર્થ (ખાલીસ) ઈબાદત કરતા શ્રેષ્ઠ છે.

ઉપરોક્ત શએરના ભાવાર્થ રૂપે હઝરત મૌલાના રૂમી સાહેબે પોતાનો ખુદનો અનુભવ રજુ કર્યો અને કહી જ દીધું કે,

"મૌલવી હરગીઝ ન સુદ મૌલા એ રૂમ
તા ગુલામી શમ્સ તબરેઝી ન શુદ"

અર્થાત : આ મૌલવી કદી પણ મૌલા એ રૂમ ન બનત જો તે હઝરત શમ્સ તબરેઝી (રહમતુલલાહ અલયહ) નો મુરીદ (ગુલામ) ના બન્યો હોત.

હઝરત શૈખ સાઅદી (રહેમતુલ્લાહ અલયહ) ફરમાવે છે કે,

**"પીસરે નુહ બા બદા બનીશ્તિ**
**ખાનદાને નબુતશ ગુમ શુદ,**
**સગે અસ્હાબે કહફ રોઝે ચંદ**
**પએ નેકાં ગિરફત મરદમ શુદ"**

અર્થાત : હઝરત નુહ અલયહિસ્સાલમ જેવા મહાન પયગમ્બરનો પુત્ર બુરી સંગતના કારણે તેમનાથી અલગ (ગુમરાહ) થઈ ગયો જ્યારે થોડાક સમય અસ્હાબે કહફ જેવા નેક માણસોની સાથે રહીને એક કુતરો (કિત્મીર) ધન્ય બની ગયો.

હવે આપણે વિચારીએ કે કુતરા જેવો જાનવર અસ્હાબે કેહફ જેવા નેક માણસોની સોહબત થી ધન્યતા મેળવે અને બુરી સોહબત ના કારણે પયગમ્બરનો દીકરો પણ ધન્યતાથી વંચીત રહે એ નક્કર હકીકત છે. તો કોઈ બન્દો એક જીવંત હસ્તી જે સીલસીલા દર સીલસીલા નાયબે રસુલ હોય, આદર્શ મોમીન હોય, કામીલ શૈખ હોય, તેની સોહબત માં પહોંચી જાય તો તેની દુનિયા અને આખિરત સુધરી જવામાં કોઇ શંકા નથી.

આ બાબત સારી રીતે સમજાઈ ગઇ કે પીર વિના કોઇને પણ ચાલ્યું નથી કારણ કે ઈલ્મે ઝાહિરી માટે ઉસ્તાદનું હોવું જરૂરી છે તેમ ઇલ્મે બાતેની માટે મુરશીદ (પીર)નું હોવું પણ અતિ જરૂરી છે. માદરજાત વલી એટલે માંના પેટથી જે વિલાયત લઇને આવ્યા છે તેવા બુઝુર્ગોને પણ પીરની તલાશ કરવી પડી, મુરીદ બનવું પડયું અને પીરની ખિદમત કરવી પડી છે. એ વાતથી કોણ અજાણુ છે કે હઝરત ગૌસુલ આઝમ પીરાનેપીર

દસ્તગીર સૈયદના શયખ અબ્દુલ કાદિર જીલાની (રદીયલ્લાહો અન્હો) અને ખ્વાજાએ ખ્વાજગાન હઝરત ખ્વાજા ગરીબ નવાઝ મોઈનુદ્દીન ચિશ્તી (રદીયલ્લાહો અન્હો) માંના પેટથીજ વલી હતા તેમ છતા તેઓને પીર કરવા પડયા અને વર્ષો સુધી પીરની ખિદમત કરી મહાન રૂહાની મર્તબા હાંસિલ કર્યા.

દુનિયામાં કોઈ એવો વલી (પીર) નહિ હોય કે જેનો કોઈ પીર ના હોય કારણ કે ફૈઝે બાતેની મુરશદની નિગાહે કરમ સિવાય મળતોજ નથી. **"તઝકીઅ એ નફસ"** (આત્મ શુદ્ધિ) માટે મુરશીદ (પીર-શયખ)ની તલાશ એક ઝિંદા નાયબે રસૂલની બયઅત છે.

## પીર કેવો હોવો જોઈએ ?

તે બાબતે શરીઅતમાં મુખ્ય ચાર શરતો બતાવવામાં આવી છે જેનામાં આ ચાર શરતો મળી આવતી હોય તેજ વ્યક્તિ પીર (શયખ) બનવાને લાયક ઠરે છે. મસાઈલની કિતાબ **'કાનુને શરીઅત'** ભાગ-૧ પેજ-૫૨, ૫૨ પીરની ચાર શરતો આ પ્રમાણે દર્શાવી છે.

ઈઝઝતવાળા પણ એજ લોકો છે જે પરહેઝગાર હોય છે. અલ્લાહ તઆલાનું ફરમાન છે.

**"ઈન્ન અકરોમુકુમ ઈન્દલ્લાહે અતકાકુમ"**

અર્થાત : ખુદાની નજીક આબરૂવાળો એજ છે જે મુત્તકી હોય પરહેઝગાર (મુત્તકી) તેને કહેવામાં આવે જે અલ્લાહથી ખુબ ડરતો હોય રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી ખુબ મહોબ્બત રાખતો હોય ગુનાહથી બચતો હોય શરીઅત

પર અમલ કરતો હોય અલ્લાહ અને રસૂલનો પુરેપુરો ફરમાબદાર હોય તેજ મુત્તકી છે એજ વ્યક્તિ ખુદાના માર્ગમાં વસીલો બનાવાના લાયક છે પીરને લાયક છે.

જે માણસ ફાસીક ફાજીર હોય શરીઅત વિરૂદ્ધ જેના અમલ હોય અલ્લાહ અને તેના રસૂલની નાફરમાની કરતો હોય જે કોઈ પીરનો મુરીદ થયો ના હોય. સુન્ની અકીદાઓ ના રાખતો હોય તેવી વ્યક્તિના મુરીદ થયા હોય તો તેની બયઅત તોડવી વાજીબ છે અને સાચા દીનદાર પરહેઝગાર પીરની તલાશ કરવી જરૂરી છે.

**સવાલ :** જો પીર શરીઅત વિરૂદ્ધ વર્તન કરતા હોય, સોમો-સલાતના પાબંદ ના હોય દાઢી વિગેરે રાખતા ના હોય ફિસ્કો ફુજુરમાં મુબ્તેલા હોય તેવા પીરના મુરીદ થવુ જાઈઝ છે કે નહિં ?

**જવાબ :** જેવી રીતે હોલવાઇ ગયેલો દિવો બીજાને પ્રકાશિત કરી શકતો નથી, સુકાઇ ગયેલો કુવો પ્યાસાની પ્યાસ બુઝાવી શકતો નથી, રસ્તા પરથી પોતેજ ભટકી ગયેલો બીજાને માર્ગ દર્શન આપી શકતો નથી, એવીજ રીતે ખિલાફે શરઆ પીર જે નમાઝ રોઝાના પાબંદ ના હોય દાઢી મુંડાવતો હોય અથવા ચાર આંગળાથી ઓછી રાખતો હોય છંટાવી નાખતો હોય, ફિસ્કો ફુજુરમાં સપડાયેલો હોય એવા પીરથી મુરીદ થવું અને તેની તાઝીમ કરવી શરીઅતમાં હરામ છે. જો કોઈ પીર બદમઝહબ થઇ ગયો હોય દા.ત. વહાબી-દેવબંદી અથવા રાફઝી-શીયા અથવા મૌદુદી થઇ ગયો હોય તો એવા પીરને મુસલમાન સમજે નહિં, કારણ કે તે લોકો તો હુઝુરની તોહીન

કરાવાવાળાની ફરમા બરદારી કરીને ઈમાનથી ખારીજ થઈ ગયા છે. તેથી તેવો પીર કોઈનોય પીર બનવાને લાયક રહ્યો નહિં.

("તયબાહ" (માસિક) તા. ૧-૯-૧૯૭૯)

## પીર શોધવાની રીત

હઝરત ગૌસુલ આઝમ પીરાને પીર દસ્તગીર સૈયદના અબુ મોહંમદ મુહીયુદ્દીન શયખ અબ્દુલ કાદિર જીલાની (રદીયલ્લાહો અન્હો) ફરમાવે છે કે જેને કામિલ પીરની તલાશ હોય, તેણે અડધી રાત્રે ઉઠીને વુઝુ બનાવી બે રકાત નિફલ નમાઝ અદા કરે, અને સજદામાં જઈને બારગાહે ઈલાહીમાં ખુબજ નમ્રતા અને આજેઝી પુર્વક આ દુઆ કરે તો ઈન્શા અલ્લાહ તેને અલ્લાહ કોઈ એવા વલી (પીર)ની પાસે તેને પહોંચાડી દેશે જે તેને ખુદા તઆલા તરફ પહોંચાડી દેશે એ દુઆ આ પ્રમાણે છે.

**"યા રબ્બે દુલ્લની અલા અબદીમ મીન એબાદેકલ મુકર્રબીના હત્તા યદૂલ્લની અલયકા વયો અલ્લે મુની તરીકલ વોસુલે ઈલયકા"**

(અર્થાત : હે મારા ખુદા ! તુ પોતાના ખાસ (મુકર્રબ) બંદામાંથી મને કોઈ એક બંદો બતાવી દે. જેથી તે મને તારા તરફ લઈ જાય તારો માર્ગ બતાવી દે અને તારાથી મુલાકાત કરાવી દે.)

બીજા કેટલાક ગિરોહના બુઝુર્ગોનુ ફરમાન છે કે હંમેશા એકાગ્રતા પુર્વક દરૂદ શરીફ અને **લા ઈલાહા ઈલ્લલ્લાહ** વધુ પ્રમાણમાં પડતા રહો જરૂર પીરે કામિલ મળી જશે.

(કશકોલ કલીમી ૭૦/૭૧)

# તરીકત એટલે શું ?

શરીઅતની સંપુર્ણતાનું નામ જ તરીકત છે શરીઅત અને તરીકત વચ્ચે કોઈપણ જાતનો વિરોધાભાસ કે અલગપણું નથી.

કેટલાક જાહિલ પીરો અને ફકીરો પોતાનું બે અમલપણું છુપાવવા અને પોતાના પીર અને ફકીર હોવાની છાપ પાડવા માટે ભોળા અને તદન અજાણ્યા માણસોમાં એવો ડીંગો મારે છે કે અમે તો **'અહલે તરીકત'** છીએ અમારે ને શરીઅતને શું લાગે વળગે ? (નઉઝુબિલ્લાહ) આવી ખોટી જહાલત ભરી બકવાસ કરતા હોય છે. સાચી રીતે તો તરીકત શું છે તે પોતે જ જાણતા હોતા નથી.

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની પેરવી જ્યાં સુધી આપના ઝાહેરી આમાલો સુધી મહેદૂદ છે ત્યાં સુધી તેનું નામ **'શરીઅત'** છે. અને એજ પૈરવી (અનુકરણ) દિલ અને બાતીનને પણ આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની નુરાનિયતથી મુનવ્વર કરી દે છે ઝગમગાવી દે છે તો તેનુ જ નામ **'તરીકત'** છે. દા.ત. એક માણસે શરીઅતના કાનુન પ્રમાણે નમાઝ અદા કરી, શરીઅત પ્રમાણે તેની નમાઝ થઈ ગઈ પરંતુ તરીકત તેને પુર્ણ નથી ગણતી બલ્કે એ તો એના પર ભાર મુકે છે કે જેવી રીતે નમાઝમાં ચહેરો કા'બા શરીફ તરફ હતો તેવી રીતે બંદાની રૂહ-કલ્બ-દિલ પણ કા'બાની તરફ મગ્ન હતું કે નહિં ? શું જેવી રીતે નમાઝના હાલતમાં શરીરના તમામ અવયવો ઝાહેરી નજાસતોથી પાક હતા. તેવી જ રીતે રૂહ કલ્બ-દિલ પણ તમામ બાતેની દુર્ગુણી અને પરેશાન ખયાલાતથી પાક રહ્યા.

જોયું તરીકત અને શરીઅત વચ્ચે કોઈ અવરોધ કે વિરોધ નથી બલ્કે જે કમી હતી તેને તરીકતે પુર્ણ કરી દીધી.

શરીઅત શીખવા માટે ઈલ્મે ઝાહેરીના ઉસ્તાદ આલીમ પાસે જવું પડે અને ઈલ્મે તરીકત બાતેની છે. તેની તાલીમ પીર યા મુરશીદ પાસેથી મેળવી શકાય છે.

હઝરત મખદુમ જહાંનીયા જહાંગસ્ત (રહેમતુલ્લાહ અલયહે) ફરમાવે છે કે તરીકત સાલીક માટે એવો સીધો રસ્તો છે. જે શરીઅતમાંથી કાઢવામાં આવ્યો છે, જેમ આપણે ઘઉંમાંથી મેંદો કાઢીએ છીએ જોકે મેંદાની અસલ તો ઘઉં જ છે. એટલે તરીકતનું મુળ તો શરીઅત જ છે જે પીર (શયખ) ઈલ્મે શરીઅતથી અજ્ઞાન હોય તે તરીકતને શું જાણે? એવા શખ્સને પીર બનાવો જેના મુરીદો આલીમ હોય.

એક બુઝુર્ગે એમ ફરમાવ્યું છે કે "શરીઅત દુધ છે. તરીકત દહીં છે હકીકત માખણ છે અને મઆરેફત ઘી જેમ દહીં માખણ અને ઘીની અસલ (મુળ સ્થાન) દુધ છે. જો દુધ ના હોય તો દહીં માખણ-ઘીનું વજુદ જ ના હોય તેમ તરીકત-હકીકત અને મઆરેફતનું મુળ (અસલ) શરીઅતમાં છુપાયેલા છે."

હઝરત મુજદ્દિદ અલ્ફેસાની (રહેમતુલ્લાહ અલયહે) તેમના પત્ર નં.-૪૮માં લખે છે કે, **કયામતમાં શરીઅત વિષેજ સવાલ પુછાશે. તસવ્વુંફ વિષે નહીં પુછાય** જેના દિલમાં મહોબ્બતે રસૂલ હોય. જેના હાથોમાં દામને રસૂલ હોય, જેના અમલમાં ફરમાને રસૂલ હોય, એજ પીરે તરીકત છે. એજ પીર કામિલ છે હઝરત શયખ સાઅદી (રહેમતુલ્લાહ અલયહે) ફરમાવે છે કે,

"ખિલાફે પયગમ્બર કસે રહ ગઝીદ
કે હરગિઝ બમંઝિલ ન ખ્વાહદ રસીદ"

(અર્થાત : જેણે પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના ઉસ્વએ હસ્ના, સુન્નત અને આપના તરીકા વિરૂદ્ધ માર્ગ ગ્રહણ કર્યો તે હરગિઝ મંઝિલ પર પહોંચી શકતો નથી.)

શરીઅતે મુસ્તુફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નું સુસ્ત પણે પાલન કરવાનુ નામ જ 'તરીકત' છે ખુદા તઆલાનું પણ એજ ફરમાન છે કે,

**'કુલ ઈન કુન્તુમ તુહિબ્બુનલ્લાહ ફત્તબેઉની**
**યોહબિબ્કો મુલ્લાહ'**

(અર્થાત : હે મહેબુબ ! તમે ફરમાવી દો કે જો તમે અલ્લાહના દોસ્ત (પ્રિય બંદા) થવા માંગતા હોવ તો મારી તાબેદારી કરો, અલ્લાહ તમારાથી મહોબ્બત ફરમાવશે.)

## પીરો મુરશીદના આદાબ

કામિલ પીરનુ પ્રાપ્ત થવું અલ્લાહનો બહુ મોટો ઉપકાર છે. પીરની તાઝીમ (ઈજ્જત) વાજીબ છે મુરીદ માટે દુનિયામાં સૌથી વધુ માનનીય વ્યક્તિ પીર છે. એટલે પીરનો દરજ્જો શું છે. પીર પ્રત્યે કેવી અકીદત હોવી જોઈએ. પીરનો અદબ કેવી રીતે જાળવવો એ બાબત પણ ખુબજ જરૂરી છે પીરની ખિદમતમાં મુરીદે કેવી રીતે રહેવું જોઈએ તેની પણ તઆલીમ બુઝુર્ગોએ આપી છે.

પીરની ખુશનુદી (રઝામંદી)માં અલ્લાહ અને રસૂલની ખુશનુદી છુપાયેલી છે જો પીર રાઝી તો અલ્લાહ અને રસૂલ

રાઝી પીર નારાજ તો અલ્લાહ અને રસૂલ પણ નારાજ. પીરની ખુશનુદી ત્યારેજ મેળવી શકાય કે જ્યારે તેમના દરજ્જાને સમજીએ અને તેમનો અદબ કરીએ.

## હઝરત ખ્વાજા બંદાનવાઝ ગેસુદરાઝ

(રહેમતુલ્લાહ અલયહે) **"ખાતમ-એ-તસવ્વુફ"**માં પીરો મુરશીદના આદાબ આ પ્રમાણે દર્શાવે છે જે દરેક સિલસિલાના મુરીદો માટે જરૂરી અને ફાયદા કારક છે. હઝરત ખ્વાજા બંદા નવાઝ ગેસુ દરાઝ (રહેમતુલ્લા અલયહે) ફરમાવે છે કે,

(૧) "મુરીદ પોતાના પીરની ખિદમતમાં હાજર થાય તો પીરના જમાલ બા કમાલ પર નઝર રાખે અથવા પોતાના પગો પર નઝર રાખે.

(૨) મુરીદ પીરની સામે બેસે તો આજુ બાજુ ન જોયા કરે, ઘડી ઘડી ઉઠક બેઠક ન કરે, પીર ઉઠે અથવા બહારથી આવે તો ઉભા થઇ જાય.

(૩) મુરીદ પોતાના પીરની આંખોથી આંખ ના મેળવે, જ્યારે પીર તેના તરફ નઝર કરે તો પોતે નીચે જોઈ લે.

(૪) પીરના તસવ્વુર માટે કોઇ વખત નક્કી ના કરે પરંતુ કોઈપણ ક્ષણ પીરના તસવ્વુરથી ખાલી ન રહે.

(૫) મુરીદ પોતાના પીરની સામે દોડીને ના ચાલે અને કદી પણ ઉઘાડા માથે ન ફરે.

(૬) મુરીદ પોતાના પીરની સામે બેસીને ઉઘવા ન માંડે.

(૭) મુરીદ પોતાના પીર માટે દરેક વખત લાંબુ આયુષ્ય અને અલ્લાહની નઝદીકી માટે દુઆ કર્યા કરે, જો કે આ

ગરીબની દુઆથી શું થવાનુ છે, પણ એ વાતથી ઈશ્કે ખુલુસ અને મહોબ્બત જાહેર થાય છે.

(૮) મુરીદ પોતાના પીરથી દુઆ-એ-ખૈર સિવાય બીજો કોઈ સવાલ ન કરવો.

(૯) મુરીદે હંમેશા એ ધ્યાનમાં રાખવું જોઈએ કે તેનો બોજ પીર ઉપર ના પડે શકય હોય ત્યાં સુધી પીરનો બોજ ઉઠાવે અને સમજે કે પીર દીન અને દુનિયામાં હરગિઝ તેનો મોહતાજ નથી.

(૧૦) મુરીદ પોતાના પીરના મકાન તરફ ન થુંકે ન પગ લંબાવે.

(૧૧) મુરીદે પોતાના પીરના મર્તબાને સમજવું બહુજ મોટું કામ છે, કમથી કમ એટલો ભરોસો જરૂર હોવો જોઈએ કે પીર જે કાંઈ કરે છે. તે ખુદાના હુકમથી કરે છે, પીરથી વધીને કોઈ વલી નથી જો પીરના પીર પણ મૌજાુદ હોય તો પણ એમજ સમજે કે જે ફયઝ પોતાના પીરથી પહોંચી શકે છે તે પીરના પીરથી નથી મળી શકતો.

(૧૨) મુરીદ પોતાના પીરની ખિદમતમાં જે કાંઈ ખર્ચ કરે તો પીરનો આભાર માને અને પીરનો અહેસાન સમજે કે તેને કુબુલ કર્યું.

(૧૩) મુરીદ પોતાના પીરની ખિદમતમાં હાઝર થાય ત્યાં ખ્વાજા ખિઝર, અબ્દાલ, ઔતાદ વિગેરે ઔલીયા અલ્લાહ અને પીરો પણ હાજર હોય તો તે પોતાના પીરથી જ ગરઝ રાખે કોઈ બીજાના તરફ રજુ ન થાય.

(૧૪) મુરીદને પોતાના પીર ઉપર એટલો મજબુત એતેકાદ

(પુરી શ્રદ્ધા) હોવી જોઈએ કે કરામત જોવાની ઈચ્છા અને જરૂરત ન રહે.

(૧૫) મુરીદ પોતાના પીરની ખિદમત તન, મન, અને ધનથી શક્ય રીતે બજાવવી જોઈએ.

(૧૬) મુરીદે ખ્વાબમાં અંબિયા અને ઔલીયાની ઝિયારત કરી તો સારી છે. પણ પીરની ઝિયારતને પણ સારી સમજે અને અકીદો રાખે કે તમામ પીરો હક પર છે પણ મારો રસ્તો સર્વથી નજીક છે.

(૧૭) મુરીદને પીરથી એવી મહોબ્બત હોવી જોઈએ કે, પોતાના બાલ-બચ્ચાં અને સગાઓથી તેમજ જાનમાલથી અધિક સમજે જો મરતી વખતે પીરની યાદમાંજ મૌત આવે તો એ મહાન ખુશનશીબી છે. પીર ખુદાના ખજાનાનો અમીન છે. તેમને જે કાંઈ મળશે તેનાજ હાથથી મળશે.

(૧૮) પીર સાહેબ ગુસસાની હાલતમાં જણાય અથવા અફસોસની નિશાની માલુમ પડે તેવા પ્રસંગે તેમનાથી સંબંધ ન તોડતા તેના સબબનું કારણ માલુમ કરવું જોઈએ અને જે કાંઈ બે અદબી (ભુલ) થઈ હોય તે પરવરદિગારે આલમની હુઝુરમાં માફી ચાહી તે કામ કરવાની તૌબા કરવી જોઈએ કે જેના સબબ અલ્લાહના દરબારમાં દાખલ થઈ શકાય.

(૧૯) મુરીદને જરૂરી છે કે પોતાના પીરની ખિદમતમાં અદબની સાથે રહે જે પીરનો અદબ કરે છે તેના ઉપર

પીરની મહેરબાની થાય છે. ખુદાની રહેમત વર્ષે છે કોઈ જાતની મહોતાજી રહેતી નથી.

(૨૦) મુરીદે પીરના હુકમનો કદી ઇન્કાર ન કરવો.

(૨૧) મુરીદે પીરની સાથે કદી જોરથી બોલવું નહિ કેમકે તે એક જાતની બે અદબી છે હસી-મશ્કરીથી પરહેઝ કરવો આ પણ બે અદબી છે વધારે નકામી બકવાસ પીર સામે ન કરો, આથી પીરની શાનમાં જરૂર બે અદબી થાય છે.

(૨૨) પીરનો દરજ્જો વધુ બુલંદ જાણો જે વાત કહેવા લાયક ન હોય તે ન કહો, વગર ફાયદાની પુછપરછ ન કરો.

(૨૩) પીરની હાજરીમાં પગ લાંબા કરીને ન બેસો, ન સુવો, ન થુંકો, ન કોઈનાથી ઝગડો કરો, આ સખ્ત બે અદબી છે.

(૨૪) પીર કરે તેવું ના કરો પણ કહે તેવું કરો, પીરનો ભેદ કોઈનેય ના કહો. દિલમાં એવો વિચાર કદી પણ ના લાવો કે પીરને અમારા સિવાય નહિં ચાલે કેમકે આ મોટી બે અદબી છે. કારણ કે ખુદાના સિવાય પીરને કોઈની દરકાર નથી.

(૨૫) જો પીરનો વિસાલ થઇ ગયો હોય તો તેમની રૂહને સવાબ પહોંચાડી ખુશ રાખે.

(૨૬) જો પીરની હયાતીમાં અથવા વફાત પછી કોઈપણ બુઝુર્ગથી ફૈઝે મળે તો તેને પોતાના પીરની તરફથી સમજે.

(૨૭) 'પીરની બરાબરી કદી ના બેસો, તેમનાથી ઉંચી જગ્યા પર પણ ના બેસો' કેમકે આ પણ પીર સહેબની બે અદબી છે.

આ પ્રમાણે દરેક મુરીદે પોતાના પીરની તાઅઝીમ કરવી જોઈએ આ સઘળી વાતો પીરેતરીકત, આમીલે શરીઅત કામિલ પીરો મુરશીદ માટે છે.

'ગુનીયતુત્તાલેબીન' માં હુઝુર ગૌસેપાક (રદીયલ્લાહો અન્હો) એ પણ આ રીતે પીરની અદબ કરવા જણાવ્યું છે. અલ્લાહ પાક અમો સૌને અમલની તૌફીક આપે, બહક્કે તાહા વ યાસીન સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આમીન.

## જેહાદે અકબર

અલ્લાહ તઆલાનું ફરમાને આલીશાન છે કે,

**"વ નહન નફસા અનીલ હવા વ ઈન્નલ જન્નતા હેયલ માવા"**

(અર્થ : અને જેણે પોતાના નફસને બુરી ઈચ્છાઓથી રોકયો તો તેનું ઠેકાણું જન્નત છે.)

હદીસેપાકમાં છે કે રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે જેહાદ ચાર છે. (૧) નેકીનો હુકમ કરવો (૨) બુરા કામોથી રોકવા (૩) મુસીબતના સમયમાં પણ સત્યને વળગી રહેવું (૪) નાફરમાન લોકોથી નફરત કરવી.

હદીસેપાકમાં છે કે રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે સૌથી શ્રેષ્ઠ જેહાદ એ છે કે "માણસ પોતાના નફસ અને તેની બુરી ઈચ્છાઓથી જેહાદ કરે."

હદીસેપાકમાં છે ગઝવએ તબુકથી પાછા ફર્યા બાદ રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે અમો જેહાદે અસગર (નાના યુદ્ધ)થી જીતીને પાછા આવી ગયા પણ હવે અમારે જેહાદે અકબર (મોટા યુદ્ધ) તરફ જવાનું બાકી છે.

હે મર્દે મુજાહીદ ! અલ્લાહ તઆલા અને રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ તને હુકમ કર્યો છે કે તું તારા નફસ સામે જેહાદ કર. જંગ (યુદ્ધ)થી નાસી જવું બીકણ-બાયલાનું કામ છે. જેહાદે અકબર એટલે માણસે પોતાના નફસ (મનેચ્છાઓ) ઉપર વિજય મેળવવો છે. સાચો અને મોટો

પહેલવાન (યોદ્ધો)એ નથી કે કોઇ યુદ્ધના મેદાનમાં જઇને પહેલવાનને પછાડી દઇ વિજય મેળવે પણ મોટો પહેલવાન તો એ છે જે પોતાના નફસ ઉપર કાબુ મેળવી તેને પોતાના તાબે કરી લે, આ યુદ્ધ એટલે જેહાદે અકબર જે નફસ સા રે લડાય છે. તેની તાલીમ મેળવવી અતિ જરૂરી છે. માટે સૌથી પહેલા તુ એવા લશ્કરના વડાની ફૌજમાં દાખલ થઇ જા જે લશ્કરીવડા તરીકેની તમામ બાબતોથી વાકેફ અને નિપૂણ હોય અર્થાત મુરીદ બની જા. મશહુર કોલ છે કે,

**"મલલા શયખા લહુ ફશયખુશ્શયતાન"**

(અર્થ : જેનો કોઈ પીર ના હોય તેનો પીર શયતાન છે.)

હઝરત ગૌસુલ આઝમ પીરાને પીર દસ્તગીર (રદીયલ્લાહો અન્હો) ફરમાવે છે. જે પીરમાં આ પાંચ વાતો જોવા ના મળે તે પીર નહીં પણ દજ્જાલ છે. (૧) પીર જાહેરી શરીઅતનો પાબંદ હોવો જોઇએ. (૨) ઇલ્મે હકીકતનો જાણકાર હોવો જોઇએ. (૩) તેના ઘરે આવનાર દરેક મહેમાન સાથે કોઇપણ જાતના ભેદભાવ વિના નમ્રતાથી મળતો હોય મુસાફીરોને ખાવાનું ખવડાવતો હોય. (૪) ગરીબો અને સામાન્ય માણસો સાથે પણ આજેઝી અને વિનમ્રતાથી મળતો હોય. (૫) મુરીદોની બાતેની ઇસ્લાહ કરતો હોય અને પોતે આડંબર, ઈર્ષા, અદેખાઈ, એશઆરામ, આત્મ શ્લાઘાથી પવિત્ર હોય છે. ('અનવારૂલ' ઔલીયા)

હઝરત ગૌસેપાક રદીયલ્લાહો અન્હોના બતાવ્યા મુજબના પીરની શોધ શરૂ કર રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે મારી ઉમ્મતમાંથી એક વર્ગ હક ઉપર

કાયમ રહેશે કોઇનો ગમે તેટલો વિરોધ કે તેમની કોઇ મદદ ના કરવાથી તેમને કોઇ નુકશાન પહોંચશે નહીં. તેઓ કયામત સુધી હક્ક ઉપર કાયમ રહેશે. હઝરત અલી શેરેખુદા કરમલ્લાહો વજહહુ ફરમાવે છે કે ધરતી હક પર કાયમ રહેનારાઓથી કદી પણ ખાલી રહેતી નથી. સંખ્યામાં તેઓ ઘણા ઓછા હોય છે. પણ મર્તબામાં અલ્લાહ તઆલાના નજીક ઘણા મોટા હોય છે.

જ્યારે તને લાયક કામીલ પીર મળી જાય તો તેમની ફૌજમાં ભરતી થઇ જા, લશ્કરના વડા જનરલ (પીર)ના હુકમને તાબે થઇ જા તેમનો તસવ્વુર દિલમાં કાયમ કરી લે. પીરના તાબે તું એવો થઇ જા જેમ મુરદા (મૈયત) ગુસ્સાલ (મૈયતને ગુસ્લ આપનાર)ના તાબે થઇ જતી હોય છે.

હે મર્દે મુજાહીદ (મુરીદ) તારા લશ્કરના વડા જનરલ (પીર)ની ઈજાઝત (રજા) લઇ લે. અને જેહાદે અકબર એટલે નફસ અને શયતાન સામે યુદ્ધે ચઢના તૈયાર થઇ જા, જો નફસ અને શયતાનનું લંશ્કર જોઇ લે, ઓળખી લે તેમાં હસદ, બુગઝ, કીના, કપટ, દગો, ફરેબ, જૂઠ, મકકારી, હરામકારી, રિયાકારી, ખુદસતાઈ, તમઅ, બુખ્લ, કુમારબાઝી, નશા, બુઝદીલી, ગુસ્સો, ફખ્ર, શહેવત, અયશો આરામ, હિર્સો હવા, કાહેલી, ગફલત આ બધા અને આ સિવાય જે નાજાઈઝ અને હરામ કૃત્યો છે તે તમામ નફસ અને શયતાનના લશ્કરના સિપાહીઓ છે જેઓ હંમેશા તારા અને તારા દિલ ઉપર હુમલા કરતા હોય છે. આ મોટા લશ્કરની સામે તારે જેહાદ કરવાની છે. તેમનો મુકાબલો તારે કરવાનો છે. હવે તું તારા જનરલ (વડા) એટલે પીરની આપેલી તાલીમ મુજબ લડવાનું શરૂ કર

અને તારી મુજાહેદાના શાન દેખાડી નફસ અને શયતાનના લશ્કરને ખત્મ કરી દે. સૌથી પહેલા તારે રોઝા-નમાઝની પાબંદી કરવી પડશે. પછી કલ્મએ તૌહીદની તલવાર લઈને તારા શત્રુઓને કાપવાનું શરૂ કરી દે. આ યુદ્ધમાં તારે વિજય મેળવવો હોય તો અડધી રાત્રે ઉઠ વુઝુ બનાવી લે. શકય હોય તો બે રકાત નમાઝ પઢી લે. એક ખુંણામાં બેસી જા પોતાના વડા સીપેહસાલાર (પીર)નો તસવ્વુર જમાવી લે આંખો બંધ કરી લે. અને પછી કીબ્લા રૂ બેસીને કલ્મએ તૈયબનો ઝીકર શરૂ કરી દે. જે તરીકા મુજબ તને તારા પીરે બતાવ્યો છે તે તરીકા ઉપર અમલ કર કલ્મએ તૈયબની તલવારની સાથે સાથે બીજા હથીયાર પણ પાસે રાખવા ખુબજ જરૂરી છે. જેમા હલાલ રોઝી, નમાઝ રોઝાની પાબંદી, જુહદો તકવા, ભૂખ અને તરસ, તસ્લીમો રઝા, સબ્ર, કનાઅત, તવક્કલ, શર્મો હયા, હિલ્મ, બુર્દબારી, રાત્રી જાગરણ, પરહેઝગારી, ઈસાર, સખાવત, ગિરયાવ ઝારી, વગેરે આના જેવા સારા કૃત્યો હોય તે હથીયારો ભેગા કરી લે અને પછી જેહાદે અકબરમાં ઝુકાવી દે ઈન્શાઅલ્લાહ વિજય તારો જ છે.

હે મેદાને માઅરેફતના જાંબાઝ સિપાહી ! આ જેહાદથી પાછા હટવું કુફ્ર છે. નાસુતથી નિકળીને મલકુતમાં જા, અહીંથી કદમ આગળ વધારીને જબરૂતમાં જા, અહીંયાની આજાયબીઓ જોઈને કયાંય રોકાતો નહીં જેથી તું લાહુતમાં પહોંચી જાય.

**અય તાઈરે લાહુતી ઈસ રીઝકસે મૌત અચ્છી**
**જીસ રીઝકસે આતી હો પરવાઝમેં કોતાહી.**

ડૉ. ઈકબાલ

# કેટલાક ઉપયોગી બોધ વચનો

(૧) સત્ય અમાનત છે જૂઠ ખયાનત છે.
(૨) અંધકાર પાંચ પ્રકારના હોય છે. (૧) દુનિયા અંધકાર છે તકવા પ્રકાશ છે. (૨) ગુનાહ અંધકાર છે. તૌબાહ પ્રકાશ છે. (૩) કબ્ર અંધકાર છે. કલ્મએ તૈયબ પ્રકાશ છે. (૪) આખેરત અંધકાર છે. નેક અમલ પ્રકાશ છે. (૫) પુલસિરાત અંધકાર છે. યકીન પ્રકાશ છે.
(૩) અદબ (વિનય) શ્રેષ્ઠ મીલ્કત છે.
(૪) આજે દુનિયાવાળા ઉપર નરમી કરશે કાલે કયામતમાં તેના ઉપર નરમી કરવામાં આવશે.
(૫) દીન અને દુનિયા કાયમ રહેશે જ્યાં સુધી આ ચાર બાબતો હશે (૧) માલદારો કંજુસાઇ ના કરે. (૨) આલીમો પોતાના ઈલ્મ પર અમલ ના કરે. (૩) આજ્ઞાનીઓ પોતાની અજ્ઞાનતા પર અભિમાન ના કરે. (૪) ફકીરો આખેરતને વેચી ના મારે દુનિયાના બદલામાં.
(૬) નામ એ છે જે તું પૈદા કરે તારા માં-બાપે જે નામ રાખ્યું છે. તે નામ નથી એ તો તારી ઓળખ છે.
(૭) નાના બાળકોમાં પાંચ ટેવો ખુબજ સારી છે. જે મોટામાં હોય તો તે "અબ્દાલ"ના દરજ્જે પહોંચી જાય.
(૧) તેઓ રોઝીની ચિંતા અને ગમ નથી કરતા.
(૨) ભૂખ લાગે છે તો ખુદાથી ફરીયાદ નથી કરતા.
(૩) અંદર અંદર લડે છે તો પરસ્પર કપટ અને ઈર્ષા નથી રાખતા.
(૪) જ્યારે ડરે છે તો આંખથી આસું વહાવે છે.
(૫) રોઝીનો સંગ્રહ નથી કરતા.

(૮) કુતરામાં સાત ટેવો કામીલ લોકોની છે. (૧) ગુસ્સો ના રાખવો એ સાલેહીનની ટેવ છે. (૨) રાત્રે ના સુવું એ ઝાહીદોની ટેવ છે. (૩) પોતાના માલીકનો સાથ ના છોડવો મારઝુડ કરવા છતાં પણ એ સાચા મુરીદોની ટેવ છે. (૪) તેની જગ્યાએથી ઉઠાડી દેવામાં આવે તો જ્યાં જગ્યા મળે ત્યાં બેસી જવું એ રઝામંદની ટેવ છે. (૫) અગર કાઢી મુકવામાં આવે અને પછી ફરીથી બોલાવવામાં આવે તો હાજર થઇ જવું એ તસ્લીમની ટેવ છે. (૬) જ્યારે જમવા બેસીએ તો દૂર બેસીને જોયા કરે એ મીસ્કીનની ટેવ છે. (૭) જ્યારે તમો તેના પ્રત્યે વ્હાલ દર્શાવો તો તે પણ તમારા પાછળ પાછળ રહે એ આશીકની ટેવ છે. કુતરામાં પણ આ સાત ટેવ ઘણીજ સારી છે.

(૯) હઝરત સીદીકે અકબર રદીયલ્લાહો અન્હો ફરમાવે છે કે "ઈબાદત એક વહેપાર છે. એકાંત તેની દુકાન છે. પરહેઝગારી તેનો માલ છે. જન્નત તેનો નફો છે."

(૧૦) હઝરત ઈમામ જાઅફરે સાદીક રદીયલ્લાહો અન્હો ફરમાવે છે કે "ઈબાદત વિનાની તૌબાહ નકામી છે. ખુદાને યાદ કરતી વખતે ખુદાના સિવાય બધુજ ભુલી જવું અસલી ઝિકર છે. જે માણસ અલ્લાહ તઆલા માટે પોતાના નફસ સામે જેહાદ કરે તે અલ્લાહન્તઆલાની ખુબ નજીક પહોંચી જાય છે."

(૧૧) હઝરત ખ્વાજા જુનેદ બગદાદી (રદીયલ્લાહો અન્હો) ફરમાવે છે કે "તમારૂ હૃદય અલ્લાહ તઆલાનો

હરમેપાક છે. તેની અંદર બીજા કોઈને પણ પ્રવેશ ના આપો. જે આંખ અલ્લાહ તઆલાની કુદરત ન જોઈ શક્તી હોય તેનું આંધળુ હોવું સારૂં છે. જે જીભ અલ્લાહનો ઝીકર ના કરતી હોય તે મુંગી હોય તો સારૂ છે. જે કાન સાચી વાતને સાંભળતા ના હોય તે બહેરા હોય તો સારૂં છે. જે શરીર સેવા ના કરતું હોય તે મરી જાય એજ સારૂં છે."

(૧૨) હઝરત ખ્વાજા ઈબ્રાહીમ અદહમ બલ્ખી (રદીયલ્લાહો અન્હો) ફરમાવે છે કે "તમે અલ્લાહ તઆલાને જાણો છો છતાં તેની ઈતાઅત નથી કરતા રસૂલુલ્લાહ સંલલલ્લાહો અલયહે વસલ્લમને ઓળખો છો છતાં તેમનું અનુસરણ નથી કરતાં, કુર્આને કરીમની તીલાવત કરો છો પણ તેના પર અમલ નથી કરતાં અલ્લાહ તઆલાની નેઅમતો ખાવ છો પણ તેનો શુક્ર અદા નથી કરતા દોઝખનો અઝાબ ગુનેહગારો માટે છે તે તમો જાણો છો છતા તેનાથી ડરતા નથી. શયતાનને દુશ્મન સમજો છો છતાં તેનાથી દૂર ભાગતા નથી. મૌતને બરહક સમજો છો છતાં આખેરત માટે કોઈ સામાન ભેગો નથી કરતા પોતાના હાથથી કેટલાય મુરદા દફનાવી દીધા પણ કોઈ ઈબ્રત (બોધ) લીધો નહીં આવા માણસોની દુઆ કયાંથી કબુલ થાય ?"

(૧૩) હઝરત અબુલ હસન ખીરકાની અલયહે રેહમાં ફરમાવે છે કે "એકાંતમાં રાહત છે. ચુપ રહેવામાં સલામતી

છે. જે માણસ ઓલીયાઓની સોહબતમાં રહે છે તે ખરેખર અલ્લાહ તઆલાની સોહબતમાં રહે છે."

(૧૪) હઝરત ઈબ્ને અત્તાર અલયહે રહમાં ફરમાવે છે કે "મુનાફીકની રોઝી ખાવું-પીવું છે. મોમીનની રોઝી ઝિક્ર અને રિયાઝત છે. જે વસ્તુ બંદાને આખેરતથી દૂર રાખે તે વસ્તુ દુનિયા છે."

(૧૫) હઝરત બાયઝીદ બોસ્તામી અલયહે રહેમાં ફરમાવે છે કે "અલ્લાહ તઆલા જેને પોતાનો દોસ્ત (પ્રિય બંદો) બનાવવા ચાહે છે તેને ત્રણ પ્રકારની ખસલતો (ટેવો) અપર્ણ કરે છે. (૧) દરિયા જેવી સખાવત (૨) ધરતી જેવું ધૈર્ય (૩) સૂર્ય જેવો એક સરખો પ્રેમ. પછી આપે ફરમાવ્યું કે **"તમો એવા બની જાવ જેવા કે તમો પોતાને લોકો સમક્ષ જાહેર કરો છો" આપે ફરમાવ્યું અલ્લાહની મહોબ્બત ફર્ઝ છે અને દુનિયાનો ત્યાગ કરવો સુન્નત છે."**

(૧૬) હઝરત ફુઝેલ બીન અયાઝ અલયહ રહમા ફરમાવે છે કે "નરમ-નાજુક પોશાક અને સ્વાદીષ્ટ ભોજનની ટેવ ના પાડશો કારણ કે કાલે તેનાથી વંચિત થઈ જવાનું છે. પછી આપે ફરમાવ્યું કે ત્રણ વસ્તુઓની શોધ ના કરીશ કારણ કે તે મળી શકવાની નથી. (૧) એવો આલીમ જેનું ઈલ્મ ત્રાજવામાં પુરૂ ઉતરે એવા આલીમ શોધવા રહેશો તો તમે ઈલ્મ વિના ના રહી જશો. (૨) એવો આલીમ ના શોધો જે મુખ્લીસ (નિખાલસ) હોય તે પણ નહીં મળે નહીં તો તમે પણ બે અમલ રહી જશો.

(૩) ઐબ વિનાંનો ભાઈ પણ નહી મળે જો તેને શોધતા રહેશો તો ભાઈ વિના ના રહેશો." પછી આપે ફરમાવ્યું બે વસ્તુઓ માણસના દિલને કાળી પાડી દે છે. ખુબ ખાવું અને ખુબ ઉંઘવું.

(૧૭) હઝરત ઉવેશ કરની અલયહે રહેમાં ફરમાવે છે કે "મહાનતા નમ્રતામાં છુપાયેલી છે. આગેવાની સચ્ચાઈમાં છુપાયેલી છે. ફખ્ર (ગૌરવ) ફકીરીમાં છુપાયેલી છે. બુઝુર્ગી સંતોષમાં છુપાયેલી છે. તવંગરી તવક્કલમાં છુપાયેલી છે."

(૧૮) હઝરત ગૌસુલ આઝમ પીરાને પીર દસ્તગીર સૈયદના અબ્દુલકાદિર જીલાની બગદાદી રદીયલ્લાહો અન્હો ફરમાવે છે કે "દિલના દ્વાર પર ચોકીદાર બનીને બેસી જા અલ્લાહ તઆલા જેને અંદર જવાની રઝા આપે તેને અંદર જવા દે જેનેં મના કરે તેને જવા થી રોકી દે. મનની ઈચ્છાઓને વધાર વધાર ના કર નહીંતર નાશ પામીશ. કોઈની પણ સાથે પ્રેમ કરવામાં કે નફરત કરવામાં જરાપણ ઉતવાળ ના કરીશ અલ્લાહ અને તેના રસૂલની ફરમાબરદારી કર બિદઅતથી બચતો રહે દરેક તકલીફ પછી રાહત છે જે યકીન રાખ ઝિકે ઈલાહીમાં મશ્ગુલ રહે. તૌબાહ (પ્રશ્ચાતાપ)થી ગુનાહો ને ધોંતો રહે જે."

(૧૯) હજરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી અજમેરી (રદીયલ્લાહો અન્હો) ફરમાવે છે કે "આશીકનું દિલ મહોબ્બતની આગની ભઠ્ઠી જેવું છે. આ ભઠ્ઠીમાં

અલ્લાહ તઆલાની મહોબ્બત સિવાય બીજો જાય તો બળીને ખાખ થઇ જાય મહોબ્બતે ઈલાહીની આગથી વધીને ભયંકર કોઈ આગ નથી આરીફોનો એક દરજ્જો એવો છે જયારે તે દરજ્જે પહોંચી જાય છે તો સમગ્ર સૃષ્ટિ અને તેના અંદર જે કાંઇ છે. પોતાની બે આંગળીઓની વચ્ચે જોઇ લે છે."

અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને તેમની આલે અતહર તેમજ તમામ ઔલીયા એ કીરામના સદકામાં રાહે તરીકત (રાહે સુલુક)ના માર્ગમાં સફળતા અને સરળતા અતા કરે સાચા કમાન્ડર જનરલ (પીર)ની સોહબત નશીબ કરે હુઝુરેપાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સાચી મહોબ્બત અને ફરમાબરદારીની તૌફીક અતા કરે રાહે સુલુક પર ચલાવી **ખાત્મા બીલ ખૈર કરે આમીન, આમીન, સુમ્મા આમીન.**

**ફઝલો કરમકી બાદમેં કુછ આરઝુ કરો.**
**હર શૈમેં પહેલે પીરકી તુમ જુસ્તજુ કરો.**

## શું પીરી-મુરીદી એ વ્યવસાય છે ?

માનવીનું અસ્તિત્વ બે વસ્તુઓ ઉપર આધાર રાખે છે. એક તેનું જીસ્મ (શરીર) અને બીજી તેની રૂહનો સંબંધ બાતીન (ગુહય) સાથે છે.

જીસ્મ (શરીર)ને ટકાવવા ખોરાકની જરૂર છે. તેને પણ તાલીમ ની જરૂર છે. તે બીમાર પડે છે. તેને પણ દવા-ઈલાજ ની જરૂર છે. તે ગંદી થાય તો તેને પણ ગુસ્લની જરૂર છે.

યાદ રાખો ? રૂહનો ખોરાક અલ્લાહની યાદ છે. તેની તાલીમ ખાનકાહ (મઠ)માં થાય છે. તેની સારવાર પીરો મુરશદ કરે છે. તૌબાહ અસ્તગફાર તેનું ગુસ્લ છે.

હવે આપ સમજી ગયા હશો કે, દરેક ઈન્સાનને પોતાના ઝાહીરી ઉસ્તાદ અને બાતીની ઉસ્તાદ બંને ી આવશ્યકતા છે જ. પીર અને મુરીદ આ બાબત મોમીનના જીવનમાં અત્યંત જરૂરી છે. જો કે દરેક ધર્મમાં પીર (ગુરૂ) અને મુરીદ (શિષ્ય)ની મહત્વતા હોય જ છે. પણ ઈસ્લામમાં આ વિષયને એક ખાસ સ્થાન પ્રાપ્ત છે. પીરની જરૂર છે જ. કુરઆને પાકની ઘણી આયતોથી તેની સ્પષ્ટ સાબિતી મળી આવે છે. દા. ત. **(૧) યા અય્યોહલ લઝીના આમનુ વબતગુ અલયહીલ વસીલાહ (૨) યૌમ નદઊ કુલ્લા ઊનાસીમ બેઈમામે હીમ. (૩) યા અય્યોહલ લઝીના આમનુ વ કુનુ મસ્સાદેકીન.** દરેક માનવી નમુના (આદર્શ)નો મોહતાજ છે. જેણે જેવા બનવું હોય તેણે તેવા જ આદર્શ (નમુના)નું અનુસરણ કરવું જ પડે. દા. ત. કોઈને દરજી બનવું હોય તો કોઈ સારા હોંશિયાર દરજીની પાસે રહેવું પડે તેની ખિદમત કરવી પડે તેના દરેક આદેશનું પાલન કરવું પડે તો જ તેના પાસેથી દરજી કામ શિખવા મળે અને સારા દરજી બની શકાય. જો કોઈને સુથાર બનવું હોય તો સારા સુથારની સોહબત ગ્રહણ કરવી પડે. તેની સેવા કરવી પડે તેના હુકમનું પાલન કરવું પડે તો જ સારા સુથાર બની શકાય. એવી જ રીતે જો કોઈને સાચા પાકા નેક મુત્તકી, પરહેજગાર અને દીનદાર મુસલમાન બનવું હોય તો તેણે પણ કોઈ સાચા-પાકા નેક મુત્તકી પરહેજગાર દીનદાર આલીમ

એટલે કે પીરે કામીલની ખિદમતમાં પહોંચવું પડશે. તેના દરેક આદેશને માથે ચઢાવવા પડશે તો જ તમે સાચા મુસલમાન બની શકો છો. કારણ કે આપ મેળે બધું મેળવી શકાતું નથી. પીર-વ મુરશીદનો વસીલો આ માટે અનિવાર્ય છે તેમાં બે મત નથી. પીરના મુરીદ ઉપર અગણિત અહેસાન (ઉપકાર) છે. પીર મુરીદને નવી જિંદગી અર્પણ કરે છે. જે અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય છે. જે તૃષાને બદલે તૃપ્તી આપે છે. જે પથ ભ્રષ્ટને સીધો માર્ગ (સીરાતે મુસ્તકીમ) દેખાડે છે. એવા મહાન મોહસીન હંમેશા સન્માનને પાત્ર હોય છે. પીરનો અદબ મુરીદ માટે ફર્ઝ બની જાય છે. પીરના આદાબ શું છે તેના માટે તસવ્વુફની કિતાબોમાં એક ડુબકી મારી તો જુઓ હઝરત ખ્વાજા બંદા નવાઝ ગેસુ દરાજ (રહમતુલ્લાહ અલયહે) લખે છે કે મુરીદે પોતાના પીરના મકાન તરફ પગ લાંબા કરીને સુંવુ પણ ના જોઈએ તો વિચાર કરો કે, પીરનો અદબ કેટલો હશે ? બેશક પીરનો દરજ્જો ઘણો બુલંદ છે પીરની શાનમાં ગુસ્તાખી કે બે અદબી કરવી હરામ છે. ફૈઝ અને બરકતથી વંચિત રહેવાનું કારણ બને છે. પીરના વાસ્તા-વસીલાથી જ માણસ ખુદા સુધી પહોંચી શકે છે.

પીર એટલે રહેબર (માર્ગદર્શક) જે પોતે સીધા માર્ગે ચાલી તે માર્ગે ચાલવા માટે મુરીદને આદેશ આપે. પીર મુરીદની બાતીની ઈસ્લાહ (સુધારણા) કરે છે. તેની બાતીની શક્તિઓની પરીપકવતા કરે છે. પીરના માધ્યમ વિના રૂહાની શક્તિઓની ઓળખ અશક્ય છે. પોતાની રૂહાની શક્તિથી મુરીદને ફૈઝયાબ (લાભવંત) બનાવે છે અવારનવાર સલાહ-સુચનો આપી

મુરીદને ભલાઇની દાવત અને બુરાઇથી રોકવાની કોશિશ કરે છે. આથી જ પીર-મુરીદનો રૂહાની સીલસીલો મજબૂત બને છે.

સામાન્ય લોકોને પીરે કામીલ (સદ્‌ગુરૂ)ની રૂહાની તાકાત અને તેનો ફૈઝ અને બરકત જલદી સમજમાં આવતા નથી. મોટાભાગે લોકો પીરમાં કરામત (ચમત્કાર)ની શોધ કરે છે. પીરમાં કરામતનું હોવું જરૂરી નથી. પીરમાં તકવા-પરહેજગારી (સદ આચરણ)નું હોવું અતિ મહત્વનું છે. ચમત્કાર તો ઘણા જાદુગરો પણ બતાવતા હોય છે. વલીથી કરામત ખુદાના હુકમથી જાહેર થતી હોય છે. પણ જે બે અમલ અને જાહીલ માણસો શરીઅતથી વિરૂદ્ધ અમલ કરનારા જો કોઇ કરામત દેખાડે તો તેને કરામત નહીં પણ ઈસ્તીદરાઝ (જાદુ) કહેવાશે અને જે કરામત જોવાની આશા રાખે તેનું ઈમાન-યકીન-શ્રદ્ધામાં ઉણપ આવી ગણાય. માટે પીરમાં શરીઅતની પાબંદી જુઓ તકવા, પરહેજગારી જુઓ, ઈલ્મ અને અમલ જોઇ તેમનો અદબ અને ઈકરામ (માન અને સન્માન) જાળવો.

**પીરમાં ખાસ કરીને ચાર વસ્તુઓ હોવી જરૂરી છે.**

(૧) એટલું ઈલ્મ હોવું જોઈએ કે કિતાબ પઢીને મસઅલો બતાવી શકે.

(૨) ફાસીક અને ફાજીર ના હોવો જોઇએ, એટલે જાહેરમાં શરીઅત વિરૂદ્ધ આચરણ કરનારો દા. ત. નમાઝ ના પઢતો હોય, રોઝા ના રાખતો હોય, દાઢી ના રાખતો હોય, ગુનાહના કામોમાં લાગેલો રહેતો હોય તે ફાસીક-ફાજીર ગણાશે.

(૩) પીર શરીઅતે મોહંમદીપર પાબંદીથી અમલ કરનારો હોય.

(૪) તે પણ કોઇનો મુરીદ હોવો જોઇએ અને તેનો શજરએ તરીકત અતુટ રીતે રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સુધી પહોંચતો હોય અને તેણે પીરના માર્ગદર્શન નીચે રીયાઝત અને મુજાહદાની મંઝિલ સર કરી હોવી જોઇએ.

ઉપરોક્ત ચારે શરતો જેનામાં મળતી હોય તે વ્યક્તિ પીર બનવાના લાયક છે. ઝાહીલ, બે અમલ અને ફાસીક ગુમરાહી ફેલાવનાર છે. જે ચિરાગ ઓલવાઈ ગયો હોય તે કોઇને રોશની કેવી રીતે આપે ? જે કૂવો સુકાઈ ગયો હોય તે કોઇની પણ પ્યાસ બુઝાવી શકતો નથી.

પીર કરવો જ જરૂરી છે. તે સમજી ગમે તેના મુરીદ બની જવું એ કોઇ હોશિયારી નથી. માણસ બજારમાં શાકભાજી કે ફળ ખરીદવા જાય છે. તો તે પણ ફળો શાકભાજી સારા અને તાજા હોય તોજ ખરીદે છે. સડેલા કે બગડેલાને તરત જ ફેંકી દે છે. તો જેની જરૂર દુનિયા (આલોક) અને આખેરત (પરલોક) બંનેમાં અનિવાર્ય છે. તેવા પીર કરતાં પહેલાં પીરની લાયકાત જોવી જરૂરી બની જાય છે. જેમ સડેલા કે બગડેલા શાકભાજી કે ફળો આપણી તંદુરસ્તીને નુકસાન પહોંચાડે છે તેમ ફાસીક, ફાજીર પીર પણ મુરીદના ઈમાન અને અમલને નુકસાનં પહોંચાડે છે.

પીરી-મુરીદીના માધ્યમથી કૌમ અને મીલ્લતની બહુ મોટી ખિદમત કરી શકાય છે. કૌમમાં એકતા સંપ સુલેહની સુંદર

યોજનાઓ ઘડાય છે. દીનની તબ્લીગનો હક અદા થાય છે. ખિદમતે ખલ્ક (માનવ સેવા)નો મૌકો મળે છે. સમાજ સુધારણાની તક મળે છે સાચા પીરો "અંજુમનો" બનાવી મુરીદોમાં શિક્ષા, ઈલ્મ પ્રત્યે જાગૃતિ લાવવા કોશિશ કરે છે. શિર્ક-બિદઅત અને ફુજુલ ખર્ચથી બચાવવા શરીઅતના કાનુન પર અમલ કરાવવા તકરીર (વાણી) તેહરીર (લખાણ)ની પ્રવૃત્તિને વેગવાન બનાવે છે. ગરીબો-યતીમો-વિધવાઓની મદદ માટે "બયતુલમાલ"નું મહત્વ સમજાવે છે. કુટેવો દૂર કરવા રચનાત્મક કાર્યક્રમ હાથ ધરે છે. સાચો પીર એટલે ખિદમતે ખલ્કમાં રચ્યો પચ્યો રહેનાર મુજાહીદ આ બધી સેવાઓમાં લાગ્યા રહીને પણ ઈબાદત અને યાદે ખુદાવંદીથી કદાપી ગાફેલ થતો નથી. સારાંશ સાચો પીર પોતાની જિંદગી દીનની ખિદમત માટે વકફ કરી દે છે. ત્યાં સુધી કે, પોતાના જીવન ગુજરાનના સાધનની પરવા સુદ્ધાં કરતો નથી. આવા મહાન મોહસીન અને સાચા દીની રહેબર કે જેણે દીન માટે પોતાનું સર્વસ્વ કુરબાન કરી દીધું હોય તેની ખિદમત કરવાની, મુરીદો અને મોઅતકીદોની ફરજ બની જાય છે. બલ્કે અલ્લાહના તે પ્યારા બંદાઓ માટે હંમેશા તન, મન અને ધનથી સેવામાં હાજર રહેવું જોઈએ તેમની દુનિયાવી જરૂરિયાતો પૂરી કરવાની જવાબદારી મુરીદો અને મોઅતકીદોની બની જાય છે. સાચા પીર મુરીદથી કંઈ જ માગતા નથી. અને સાચા મુરીદ પીર માટે બધું જ કુરબાન કરી દેવા તૈયાર પણ હોય છે. કોઈએ સરસ હિંદીમાં કહ્યું છે કે,

પીર ઐસા ચાહીયે જો મુરીદ સે કૂછ ના લેય
મુરીદ ઐસા ચાહીયે જો પીરકો સબ કુછ દેય

પીરી-મુરીદી એ દીનની તબ્લીગનું એક સુંદર માધ્યમ છે. જેના થકી લોકોની ઈસ્લાહ, સાથે સાથે ઈસ્લામનો પ્રચાર પણ થતો રહ્યો છે, દુનિયાના દરેક ખુણામાં આજે ઈસ્લામ નજરે ચઢે છે. ઠેર ઠેર ઇસ્લામને પહોંચતો કરનારા પીર (વલી) જ હતા. તલવારથી ઈસ્લામ ફેલાયાની વાત મન ઘડત અને બે બુનિયાદ છે. ભારતની ધરતી પર ઈસ્લામ પીર (વલી) સુફીથી જ ફેલાયાની હકીકત ઈતિહાસના પાને ચમકી રહી છે. પણ આજે આ માધ્યમને વ્યવસાયમાં ફેરવી નાખનારા જરા વિચાર કરે કે પીરી-મુરીદ એ કોઇ વેપાર નથી. પીરી-મુરીદ એ કોઈ આવકનું સાધન નથી. દુન્યા કમાવવાની દુકાન નથી.

પહેલા જ્યારે કોઈને મુરીદ બનવું હોય તો તે પીરની તલાશમાં ફરતો હતો. દિવસ, અઠવાડિયા કે મહિના નહીં વર્ષોના વરસ પીરની શોધમાં નિકળી જવાના દાખલા કિતાબોમાં મૌજૂદ છે. પીરની ખિદમતમાં રહેવું પડે તેમના આદેશોનું પાલન કરવું પડે તેમના તરફથી લેવાતી કસૌટીમાં ઉત્તીર્ણ થવું પડે પછી જ પીરને યોગ્ય લાગે તો જ મુરીદ બનાવતા હતા જ્યારે આજે આ પીરી-મુરીદીના નામે એક વ્યવસ્થિત બીઝનેશ શરૂ કરી દેવામાં આવ્યો છે. મુરીદ બનાવવાની જાહેરાતો કરવામાં આવે છે. જલ્સા અને જુલૂસના બહાના તળે લોકોને ભેગા કરી આ સોનેરી મોકાનો લાભ લઈ લેવાની લાલચ આપી. જાહેર ખુલ્લેઆમ મુરીદો બનાવવાનો ધીકતો ધંધો કરવાની પ્રથા અસલ પીરી-મુરીદીના હાર્દને ખતમ કરી રહી છે. આ બાબત બાતીની

છે. ફૈઝે વિલાયત છુપાવવાની ચીઝ છે. જાહેર કરવાની નહીં, કોઈએ કહ્યું છે કે,

જીસને પાયા ઉસને છુપાયા
જો સમજા ખામોશ હુવા

સાચે જ આ કોઈ વહેપાર નથી, લો બોર? લો બોર? કરીને વેચવાની વસ્તુ નથી, અમારા ખ્વાજા સરકારે અજમેર હઝરત મોઈનુદ્દીન ચિશ્તી રહેમતુલ્લાહ અલયહે પોતાના પીર વ મુરશીદ હઝરતે ખ્વાજા ઉસ્માન હારૂની રહેમતુલ્લાહ અલયહેની સતત ૨૦ વર્ષ ખિદમત કરી છે અને પીરની દુઆ અને ઇનાયતથી જ આપ સુલ્તાનુલ હિંદ બન્યા છે. દરેક મુરીદની ફરજ બનતી હોય છે કે, પોતાના પીરની ખિદમત દિલોજાનથી કરે તેમની દરેક જરૂરિયાતોનો ખ્યાલ રાખે.

પીર એક છલકતો જામ છે. વહેતું ઝરણું છે. શિતળ છાયાવાળું ઘટાદાર વૃક્ષ છે. જેને તરસ લાગી હોય તે આ જામની તલાશ કરે જેને છાયાની જરૂર હોય તે વૃક્ષના નીચે ઊભો રહે. પાણી તરસને શા માટે શોધે? તરસ્યા એ જ પાણીની શોધ કરવી પડે. ગરમીથી ત્રાસેલા વિવસ જનને વૃક્ષ શા માટે શોધે? તડકાથી કંટાળેલો મુસાફર જ ઘટાદાર વૃક્ષની તલાશ કરે, તેમ પીરને શોધવા મુરીદે નિકળવું પડે. પીર શા માટે બોલાવીને જાહેરાતો કરાવીને, અમારા મુરીદો બની જાવની જગ જાહેર એલાનો કરાવી રહ્યા છે. આ તો પીરી-મુરીદી નહી પણ વ્યવસાય ગણાશે માટે આ વ્યવસાયી પીરોથી કોઈ ફાયદો નહીં. એક વખત મુરીદ બની ગયા પછી પાંચ, સાત વરસ સુધી પીરના દીદાર પણ દુર્લભ બની જાય છે. સોહબતે

સાદિકાંનો મુરીદને લાભ મળતો નથી. અફસોસ જ નહી. શરમ સાથે કહેવું પડે છે કે, પીરી-મુરીદીની દુકાનો ખોલીને બેસી જનારા, વિચાર કરે, આજે ખિલાફતો રૂપિયાઓના બદલે વેચાઈ રહી છે. આવકનો અમુક ભાગ પીર સાહેબને નિયમિત આપો તો તમને ખિલાફત મળે એવી વાતોથી દિલ જ નહીં રૂહને પણ દુઃખ થાય છે. તરીકતને શરીઅતથી અલગ બતાવી જાહિલો ગેરમાર્ગે દોરી જનારા બે અમલ પીરો ખુદાને શું જવાબ આપશે. નમાઝ રોઝાની પાબંદીનું નામ નહીં. ચહેરા પર સુન્નતે રસૂલ દાઢી નહીં અને અમે તો એહલે તરીકત છીએ તેવા જૂઠા દાવા કરનારાઓના દિલોમાં ખુદાપાક તેનો ખૌફ પૈદા કરે તેવી દુઆ કરીએ. આવા લેભાગુ પીર મુરીદી કરનારા જે ધંધાદારી માણસો ઈસ્લામની શાનને નુકસાન પહોંચાડી રહ્યા છે.

પીરી-મુરીદી એ તબ્લીગે દીનનું સુંદર માધ્યમ છે. તેના થકી જ લોકોની ઈસ્લાહ થાય છે. ખુદાથી ડરનારા, રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી મોહબ્બત રાખનારા વલી અલ્લાહના નકશે કદમ પર ચાલનારા અલ્લાહવાળા પીરો, મસ્જિદોની આબાદી, મદ્રસાઓની આબાદી માટે રાત-દિવસ મહેનત કરતા હોય છે. બયતુલમાલ જેવી સંસ્થાઓ ખોલી ગરીબો, યતીમો, બેવાઓને મદદરૂપ થવા હંમેશા સજાગ રહેતા હોય છે. તકરીર (વાણી) તેહરીર (લખાણ)થી દીનની વાતો લોકો સુધી પહોંચાડતા હોય છે. આમ છતાં ઈબાદત અને બંદગીમાં પણ અગ્રીમ હોય છે. તેવા પીરે કામીલ કે જેમણે પોતાની જિંદગીને દીનની ખિદમતમાં અર્પણ કરી દીધી હોય

તેવા પીરોની ખિદમત તન, મન અને ધનથી કરવાની આપણી ફર્ઝ બની જાય છે. તેમની દરેક જરૂરિયાતોની ચિંતા તેમના મુરીદો અને મોઅતેકીદોએ કરવી જ રહી કારણ કે નેક લોકોની મદદ કરવી તેમની ખિદમત કરવી એ પણ મહાન નેકી છે.

પોતાની પ્રતિષ્ઠા ખાતર દીની કામો કરતા હોય તે પણ અસલીયતથી દૂર છે. જેના પીરી મુરીદીના નામે કોમમાં ટોળાઓ બનાવવાની પ્રવૃત્તિ આપસમાં તઆસ્સુબ (એક બીજાથી સુગ રાખવી) પૈદા કરે છે. કેટલાક પીરોએ લીલી ટોપીવાળું ટોળું બનાવ્યું અને કેટલાકે પીળી ટોપીવાળું બનાવ્યું કેટલાકે ઉંચી ટોપી વાળુ બનાવ્યું ને અંદરો અંદર એક બીજાથી ઈર્ષા અને અદેખાઈ રાખતા થયા. પરિણામ એ આવ્યું કે પીરનું કામ કૌમમાં એકતા સંપ સુલેહ પૈદા કરવાનું હતું પણ અહીંયા એથી ઉલ્ટું થઈ જાય છે.

મૌલાના રૂમી સાહેબે સરસ મજાનો શે'ર કહ્યો છે.

**અય બસા ઈબ્લીસ આદમ રૂએ અસ્ત**
**પસ બહર દસ્તૈન બાયદ દાદ દસ્ત**

(અર્થ : માણસ સ્વરૂપમાં ઘણાં લોકો શયતાન હોય છે. તેથી ગમે તે માણસના હાથમાં હાથ ના આપ.) એટલે મુરીદ બનવામાં ઉતાવળ ન કર ગમે તેનો મુરીદ ના થઈ જા.

અલ્લાહ તઆલા તેના પ્યારા મહેબૂબ તાજદારે અંબિયા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સદકામાં સાચી વાત સમજવાની અમો સૌને નેક તૌફીક અતા કરે આમીન.

તમામ શુદ

# આટલુ જરૂર વાંચો

કડી કસ્બામાં સીંધીવાડ મહોલ્લામાં મદ્રસાએ હુસૈનીયાહને બે વર્ષ પુરા થાય છે.

અલ્લાહ તઆલાના ફઝલો કરમથી બુઝુર્ગોની દુઆથી આપ લોકોના સાથ અને સહકારથી મદ્રસાનું સંચાલન અને તાલીમી કાર્ય ઘણુંજ સંતોષકારક સાબીત થયું છે.

દિન બ દિન મદ્રસામાં બાળકોની સંખ્યા વધતી જાય છે. જગ્યા ઘણીજ નાની પડતી હોવાથી મદ્રસા ઉપર બીજો માળ બનાવવો જરૂરી જ નહી પણ અનિવાર્ય બની ગયું છે.

મદ્રસાના બાંધકામના ફાળામાં આપ પોતાની સખાવતનો ઉદાર હાથે ફાળો આપી. અપાવી, દરેક પ્રકારની મદદ-ઈમદાદ કરીને સવાબે જારીયાહના નેક કાર્યમાં શામીલ થવા તમામ સખી-દાતાઓને અમારી નમ્રતા પૂર્વકની અરજ છે. નીચેના સરનામે આપની મદદ મોકલી સવાબે દારૈન હાંસિલ કરશોજી.

**મદ્રસાએ હુસૈનીયાહ**

ઠે. સીંધીવાડ, કસ્બા, મુ. કડી,

જી. મહેસાણા. પીન-૩૮ ૨૭ ૧૫

# આભાર અને અપીલ

અલ્લાહ તઆલાના ફઝલો કરમથી તેના પ્યારા હબીબ હુઝુર એહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વસીલાથી બુઝુર્ગોની દુઆથી અમારૂ પ્રથમ પ્રકાશન "ફયઝે કાદરીયા" ઘણુંજ મકબુલ થયું અને લોકોએ તેની તારીફ કરતા પત્રો અને મુબારકબાદીઓનો અમારા પર વરસાદ વરસાવી દીધો હતો દરેક કદરદાન ભાઈ નો અમો વ્યક્તિગત આભાર માની શકયા ન હતા આજે અમો એ તમામ હમદર્દ કદરદાન ભાઈઓનો જાહેર આભાર માનીએ છીએ.

આજે પ્રકાશન નં. ૨ "રાહે તરીકત" રજૂ કરતા આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને પુરી આશા રાખીએ છીએ કે અમારૂ આ પ્રકાશન નં. ૨ પણ આપને જરૂર પસંદ પડશેજ

પ્રચાર અને પ્રસારના આ નેક કાર્યમાં આપનો સહકાર અને સહયોગ છે જ અને રહેશે તેવી ભલી ઉમ્મીદ પણ રાખીએ છીએ સવાબે જારીયાહના આ મહાન નેક અમલમાં આપ દરેક પ્રકારની મદદ-ઈમદાદ આપી, અપાવી સવાબે દારૈન હાંસિલ કરશોજી.

મળો યા લખો

**બઝમે કાદરીયાહ**

સીધીવાડ, કસ્બા, મુ. કડી,

જી. મહેસાણા. પીન-૩૮૨૭૧૫

પ્રિન્ટેડ બાય : ખતીબ કિતાબ ઘર એન્ડ પ્રિન્ટર્સ ખાસ બજાર, તીન દરવાજા, એહમદઆબાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૫૩૫ ૨૪ ૬૮